**નવી વર્ધિત પેન્શન યોજના(NPS) હેઠળના સરકારી કર્મચારીઓની વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ માસની કપાત બંધ કરવા બાબત**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પશન-૧૦૨૦૧૬-ડી-૫૪૧-પી,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫-૦૯-૨૦૧૭

વંચાણે લીધાઃ

PFRDA Notification No. PFRDA/12/RGL/139/8, Date : 11/05/15.

પરિપત્ર :

રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ નવી નિમણૂક પામનાર કર્મચારીઓ/ અધિકારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના દાખલ કરવામાં આવેલ છે. આ યોજનામાં કર્મચારી/અધિકારીને ચુકવાતા મૂળ પગાર અને મોંઘવારી ભથ્થામાંથી ૧૦ % રકમ સંબંધિત ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી દ્વારા કર્મચારીના ફાળા તરીકે કપાત કરીને કર્મચારી/અધિકારીના NPS ખાતામાં જમા કરાવવામાં આવે છે. તેટલી જ રકમ રાજ્ય સરકાર અથવા સંબંધિત સંસ્થા દ્વારા સરકારી/સંસ્થા ફાળા (matching contribution) તરીકે કર્મચારી/અધિકારીના NPS ખાતામાં જમા કરાવવામાં આવે છે. જુની પેન્શન યોજના હેઠળના કર્મચારી/અધિકારીની વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ (૩) માસની GPF કપાત બંધ કરવામાં આવે છે. તે જ પ્રમાણે સંદર્ભમાં વંચાણે લીધેલ PFRDA ના જાહેરનામા અનુસાર NPS હેઠળના કર્મચારી /અધિકારીની વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ (૩) માસની કર્મચારીના ફાળાની કપાત બંધ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

તેને ધ્યાને લઈ તે જ મુજબ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવતા રાજય સરકારના કર્મચારીઓ/ અધિકારીઓની વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ (૩) માસની કર્મચારીના ફાળાની કપાત બંધ કરી દેવા સંબંધિત ઉપાડ અને ચુકવણા અધિકારીઓને સુચના આપવામાં આવે છે. શિક્ષણ વિભાગ તેમજ અન્ય વિભાગ હેઠળના સત્રાંતે વયનિવૃત્તિ મેળવતા શૈક્ષણિક કર્મચારીઓ/ અધિકારીઓ ના કેસમાં મૂળ વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ (૩) માસની કર્મચારી ફાળાની કપાત બંધ કરવા સૂચના આપવામાં આવે છે. ઉક્ત બંને કિસ્સામાં જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીએ NPS હેઠળના કર્મચારી/અધિકારીની મુળ વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ માસની સરકારી ફાળા (matching contribution)ની રકમ પગાર સદરે ખર્ચ પાડીને અધિકારી/ કર્મચારીને વયનિવૃત્તિની તારીખ પહેલાના છેલ્લા ત્રણ પગાર દરમિયાન પગાર ઉપરાંત અલગથી ચુકવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

K. R. Rath

**(કિશોર રાઠવા)**
ઉપ સચિવ (પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ.

**પ્રતિ,**

૧. માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
૨. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.